

# પેરિસ ઓલિમ્પિક્સમાં ફ્રાન્સના રાષ્ટ્રપતિ મેક્રોન અને રમતગમત મંત્રી વચ્ચે કિસનો વીડિયો વાયરલ

પેરિસ, તા. 31: ફ્રાન્સમાં ચાલી રહેલા ઓલિમ્પિક ગેમ્સ વચ્ચે કેટલીક તસવીરોએ હલચલ મચાવી દીધી છે. આ તસવીરો ફ્રાંસના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન અને દેશની ખેલ મંત્રી એમિલી ઓડિયા કાસ્ટેરાની છે. પેરિસ ઓલિમ્પિકના ઉદઘાટન સમારોહમાં ફ્રાંસના રાષ્ટ્રપતિ જ્યારે રમતગમત મંત્રીને મળ્યા ત્યારે તેમણે ચુંબન કરીને તેમનું સ્વાગત કર્યું હતું. હકીકતમાં રાષ્ટ્રપતિએ જે આત્મીયતા સાથે તેમના રમત પ્રધાનને ચુંબન કર્યું તે માત્ર ફ્રાન્સ જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વના સોશિયલ મીડિયા યુઝર્સનું ધ્યાન આકર્ષિત કરી રહ્યું છે. આ તસવીરો ખૂબ વખત જોવામાં આવી રહી છે.

મેક્રોન અને એમિલી એકબીજાને ચુંબન કરતા હોય તેવી તસવીરો સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર 43 લાખથી વધુ વખત જોવામાં આવી છે.

ફ્રાન્સમાં ચુંબન દ્વારા અભિવાદન કરવું ખૂબ જ સામાન્ય છે, પરંતુ આ ચુંબન ફ્રેન્ચ સોશિયલ મીડિયા યુઝર્સને પણ અસ્વસ્થ બનાવી દીધા છે. ઘણા સોશિયલ યુઝર્સે તેને 'અશિષ્ટ' ગણાવ્યું છે. તેના પર કોમેન્ટ કરતાં એક યુઝરે લખ્યું, 'મને આ તસવીર અભદ્ર લાગી છે, આ એક રાષ્ટ્રપતિ અને મંત્રીને લાયક નથી.'

## માજી ભારતીય ક્રિકેટર અને કોચ અંશુમન ગાયકવાડનું નિધન



**ગાયકવાડની** બ્લડ કેન્સરની સારવાર ચાલતી હતી અને ગત મહિને જ લંડનથી પરત આવ્યા હતા

વડોદરા, તા. 31 : ઘણા સમયથી બ્લડ કેન્સરની બીમારીથી પીડાતા માજી ભારતીય ક્રિકેટર અને માજી કોચ અંશુમન ગાયકવાડનું આજે બુધવારે 71 વર્ષની વયે વડોદરા શહેરના એલેમ્બિક ગોરવા રોડ ખાતે આવેલ ભાઈલાલ અમીન હોસ્પિટલ ખાતે નિધન થયું હતું. ગાયકવાડની બ્લડ કેન્સરની સારવાર લંડનની કિંગ્સ કોલેજ હોસ્પિટલમાં ચાલતી હતી અને ત્યાંથી તેઓ ગયા મહિને જ વડોદરા પાછા આવ્યા હતા. તેમની સારવાર માટે બીસીસીઆઈએ પણ રૂ. 1 કરોડ આપ્યા હતા. અંશુમન ગાયકવાડ 22 વર્ષની કારકિર્દીમાં ભારતીય ક્રિકેટ ટીમ માટે 40 ટેસ્ટ મેચ અને 15 વનડે મેચ રમ્યા હતા અને સાથે જ તેઓ 205 ફર્સ્ટ ક્લાસ મેચ રમ્યા હતા. સક્રિય ક્રિકેટર તરીકે નિવૃત્ત થયા પછી તેમણે 1997 થી 1999 સુધી ભારતીય ક્રિકેટ ટીમના કોચ તરીકે જવાબદારી સંભાળી હતી. 1998માં તેમણે શારજાહમાં ભારતીય ટીમના કોચ તરીકે કામગીરી શરૂ કરી હતી. તેમના કોચિંગ હેઠળ ભારતીય ટીમ 2000ની ચેમ્પિયન્સ ટ્રોફીમાં રનર્સ અપ રહી હતી. તેમના કોચિંગ કાળમાં જ પાકિસ્તાન સામેની કોટલા ટેસ્ટમાં કુંબલેએ 10 વિકેટ લીધી હતી.





# કેરળના વાયનાડમાં મૃત્યુઆંક વધીને 167 થયો, 191 ગુમ થયા

**બચાવ** કાર્યકરો આ મુશ્કેલ મિશનને પાર પાડવા માટે તમામ અવરોધો સામે લડી રહ્યા છે

**82 રાહત** કેમ્પોમાં 8017 લોકો છે જે પૈકી 19 સગર્ભા મહિલાઓ છે

વાયનાડ (કેરળ), તા. 31 (પીટીઆઈ): કેરળના વાયનાડ જિલ્લામાં વિનાશક ભૂસ્ખલનમાં મૃત્યુઆંક બુધવારે વધીને 167 થયો હતો, જ્યારે 191 લોકો ગુમ થયા હતા, તેમ છતાં બચાવ ટીમોએ સર્ચ ઓપરેશનના બીજા દિવસે કાટમાળ હેઠળ ફસાયેલા બચી ગયેલા લોકોને શોધવાના પ્રયાસો વધુ તીવ્ર કર્યા હતા. બંને કાંઠે વહી રહી નદીઓ પર નાના કામચલાઉ પુલ બાંધવામાં આવ્યા હતા અને વાયનાડના ભૂસ્ખલનગ્રસ્ત ગામડાઓમાં કાટમાળ અને પથ્થરોના ઢગલા દૂર કરવા માટે ખોદકામ કરનારાઓ અવિરતપણે કાર્ય કરી રહ્યા હતા. સેનાના જવાનો, એનડીઆરએફ, રાજ્ય કટોકટી સેવાના જવાનો અને સ્થાનિક લોકો સહિતના બચાવ કાર્યકરો આ મુશ્કેલ મિશનને પાર પાડવા માટે તમામ અવરોધો સામે લડી રહ્યા હતા, જ્યારે ઘણા વિસ્તારોમાં વરસાદ ચાલુ રહ્યો હતો. કેટલીક તણાવપૂર્ણ ક્ષણો હતી જ્યારે મહિલાઓ અને બાળકો સહિત લોકોને વહેતી નદીઓ પરના સાંકડા, કામચલાઉ પુલ દ્વારા સુરક્ષિત સ્થળોએ લાવવામાં આવી રહ્યા હતા.

અમુક જગ્યાએ બચાવકર્તાઓએ લોકોને સુરક્ષિત બહાર કાઢવાની ખાતરી કરવા દોરડાઓનો ઉપયોગ કરી માનવ પુલ બનાવ્યા હતા.

167 મૃતકો પૈકી 96ની ઓળખ થઈ હતી જેમાં 77 પુરુષ, 67 મહિલાઓ અને 22 બાળકો હતા. 75 મૃતદેહો તેમના પરિવારજનોને સોંપી દેવાયા હતા.

વાયનાડ જિલ્લામાં હાલમાં 82 રાહત કેમ્પોમાં 8017 લોકો છે જે પૈકી 19 સગર્ભા મહિલાઓ છે. હોનારતના સ્થળેથી 219 લોકોને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

મુખ્યમંત્રી પી વિજયને કેબિનેટ બેઠકમાં કહ્યું હતું કે જિલ્લાના મુંડક્કાઈ અને ચૂરલમાલા વિસ્તારના દ્રશ્યો વિનાશક છે. આ બંને વિસ્તારો સંપૂર્ણપણે નાશ પામ્યા છે.

# હમાસનો ટોચનો નેતા ઈસ્માઈલી હનિયેહ કોણ હતો

**હનિયેહ** જૂથની વિદેશ નીતિ અને મુત્સદ્દીગીરીમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી

**2006માં** હનીયેહે પેલેસ્ટિનિયન સરકારમાં વડા પ્રધાનનું પદ સંભાળ્યું હતું



બેરુત, તા. 31 (એપી): ઈઝરાયેલના હવાઈ હુમલામાં માર્યા ગયેલા હમાસના ટોચના નેતા ઈસ્માઈલ હનિયેહ 62 વર્ષના હતા.

જ્યારે હમાસના ગાઝાના નેતા યાહ્યા સિનવાર હુમલાના માસ્ટરમાઈન્ડ હોવાનું માનવામાં આવે છે, ત્યારે હમાસમાં હનીયેહેને વધુ મધ્યમ બળ તરીકે જોવામાં આવે છે. 'અલ-અક્સા પૂર એક ધરતીકંપ હતો જે ઝિઓનિસ્ટ એન્ટિટીના હૃદય પર ત્રાટક્યું હતું અને વિશ્વ સ્તરે મોટા ફેરફારો કર્યા છે', એમ હનીયેહે મે મહિનામાં ઈરાનના સ્વર્ગસ્થ રાષ્ટ્રપતિ ઈબ્રાહિમ રાયસીના અંતિમ સંસ્કાર દરમિયાન ઈરાનમાં એક ભાષણમાં કહ્યું હતું. 'અમે આ દુશ્મન સામે પ્રતિકાર ચાલુ રાખીશું જ્યાં સુધી અમે અમારી જમીન, અમારી બધી જમીનને આઝાદ નહીં કરીએ', એમ હનીયેહે કહ્યું હતું. ઈઝરાયેલ પર ઑક્ટોબર 7ના હુમલાના કલાકો પછી, હનીયેહ અન્ય ટોચના હમાસ અધિકારીઓ સાથે પ્રાર્થનાની આગેવાની કરતા વીડિયોમાં દેખાયો. તેઓએ આ હુમલાની સફળતા માટે ઈશ્વરનો આભાર માન્યો હતો.

હનીયેહ જૂથની વિદેશ નીતિ અને મુત્સદ્દીગીરીમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી, પરંતુ લશ્કરી બાબતોમાં તે વધુ સામેલ ન હતો. હનીયેહ ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટની નજર હેઠળ પણ હતો, જેના મુખ્ય ફરિયાદીએ તેની અને અન્ય બે હમાસ નેતાઓ સામે યુદ્ધ ગુનાઓ અને માનવતા વિરુદ્ધના ગુનાઓ માટે ધરપકડ વોરંટની માગ કરી હતી.

હનીયેહ 2019થી કતારમાં રહી રહ્યો હતો અને તેને મળેલી ધમકીઓ બાદ પણ તે મુસાફરી કરતો હતો. તેણે સમગ્ર યુદ્ધ દરમિયાન તુર્કી અને ઈરાનની મુલાકાત લીધી હતી. દોહાથી, તેઓ યુદ્ધવિરામ લાવવા અને બંધકોને મુક્ત કરવા માટે વાટાઘાટોમાં સામેલ હતો.

## બિહારની નર્સરીમાં ભણતો 5 વર્ષનો છોકરો બેગમાં બંદૂક લઈ સ્કૂલમાં ગયો, સિનિયરને ગોળી મારી

સુપૌલ: બિહારના સુપૌલ જિલ્લામાં સનસનીખેજ ઘટના બની છે. અહીં લાલપટ્ટી વિસ્તારમાં સ્થિત એક ખાનગી શાળામાં નર્સરીના ક્લાસમાં ભણતા વિદ્યાર્થીએ તેનાથી સિનીયર 10 વર્ષના વિદ્યાર્થીને ગોળી મારી દીધી છે. હાથમાં ગોળી વાગતા વિદ્યાર્થી ગંભીર રીતે ઘાયલ થયો છે. તેને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર 5 વર્ષનો બાળક છુપાવીને પોતાની બેગમાં રિવોલ્વર લઈને સ્કૂલે આવ્યો હતો. આ ઘટના બાદ સ્કૂલમાં અફરાતફરી મચી ગઈ હતી. જાણકારી મળતા જ પોલીસ સ્કૂલ પર દોડી ગઈ હતી. પોલીસ એ તપાસ કરી રહી છે કે 5 વર્ષના બાળક પાસે ઘાતક હથિયાર આવ્યું ક્યાંથી?

## જર્મનીનો આરોપ 2021ના સાયબર હુમલા પાછળ ચીનનો હાથ હતો

**જર્મનીના** વિદેશ મંત્રાલયે ચીની રાજદૂતને બોલાવી આ અંગે વિરોધ નોંધાવ્યો

બર્લિન, તા. 31 (એપી): 2021માં જર્મનીના નકશા બનાવવા માટેની ઓફિસ પર થયેલા સાયબર એટેક માટે 'ચીની સરકારી લોકો' જવાબદાર હોવાનું નિર્ધારિત કરવામાં આવ્યું છે, એમ બર્લિનમાં અધિકારીઓએ બુધવારે જણાવ્યું હતું. ચીનના રાજદૂતને દાયકાઓમાં પ્રથમ વખત આ અંગે વિરોધ માટે વિદેશ મંત્રાલયમાં બોલાવવામાં આવ્યા હતા.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા સેબેસ્ટિયન ફિશરે કહ્યું હતું કે જર્મન સરકાર પાસે ફેડરલ એજન્સી ફોર કાર્ટોગ્રાફી એન્ડ જીઓડેસી પરના સાયબર હુમલાના સ્ત્રોત વિશે 'અમારી ગુપ્તચર સેવાઓ તરફથી વિશ્વસનીય માહિતી' છે, તેમણે કહ્યું હતું કે આ હુમલો 'જાસૂસી કરવા' હાથ ધરવામાં આવ્યો હતો.

'કેન્દ્રીય એજન્સી પર આ ગંભીર સાયબર હુમલો દર્શાવે છે કે ચીનના સાયબર હુમલાઓ અને જાસૂસીથી કેટલો મોટો ખતરો છે', એમ ગૃહ મંત્રી નેન્સી ફેઝરે એક નિવેદનમાં કહ્યું હતું. 'અમે ચીનને આવા સાયબર હુમલાઓથી દૂર રહેવા અને અટકાવવાની હાકલ કરીએ છીએ. આ સાયબર હુમલાઓ જર્મની અને યુરોપની ડિજિટલ સાર્વભૌમત્વને જોખમમાં મૂકે છે.

ફેઝરે ચીનમાં કોણ જવાબદાર છે તે અંગે વિગતવાર જણાવવાનો ઈનકાર કર્યો હતો. તેમણે કહ્યું કે ચીનના રાજદૂતને છેલ્લે 1989માં તિયાનમેન સ્ક્વેર કાર્યવાહી પછી જર્મન વિદેશ મંત્રાલયમાં બોલાવવામાં આવ્યા હતા.

એપ્રિલમાં, જર્મનીમાં ચીન માટે જાસૂસી કરવાની અને ટેક્નોલોજીની માહિતી ટ્રાન્સફર કરવાની શંકામાં ત્રણ લોકોની ધરપકડ કરવામાં આવી હતી, આ માહિતીનો ઉપયોગ સંભવિત સૈન્ય ઉપયોગ માટે કરવાનો હતો. આ ઉપરાંત યુરોપિયન સંસદમાં એક અગ્રણી જર્મન જમણેરી ધારાસભ્યના સહાયકની ચીન માટે જાસૂસીની શંકામાં ધરપકડ કરવામાં આવી હતી.

## પૂર્વી લડાખ વિવાદ: ભારત અને ચીન વચ્ચે દિલ્હીમાં રચનાત્મક રાજદ્વારી વાટાઘાટો

**મંત્રણામાં** કોઈ સફળતાના સ્પષ્ટ સંકેત મળ્યા નથી

નવી દિલ્હી, તા. 31 (પીટીઆઈ): પૂર્વીય લડાખમાં વાસ્તવિક નિયંત્રણ રેખા (એલએસી) પર ચાર વર્ષથી વધુ સમયથી ચાલી રહેલા સરહદી અવરોધને ઉકેલવા માટે ભારત અને ચીને બુધવારે 'રચનાત્મક' રાજદ્વારી વાટાઘાટો યોજી હતી પરંતુ તેમાં કોઈ સફળતાના સંકેત મળ્યા નથી.

વિદેશ મંત્રાલયે (એમઈએ) કહ્યું કે દ્વિપક્ષીય સંબંધો ફરીથી સામાન્ય બને તે માટે શાંતિ અને સુલેહની પુન:સ્થાપના અને એલએસીનું સન્માન કરવું એ 'આવશ્યક આધાર' છે.

ભારત-ચીન બોર્ડર અફેર્સ (ડબ્લ્યુએમસીસી) પર કન્સલ્ટેશન અને કોઓર્ડિનેશન માટે કાર્યકારી મિકેનિઝમના માળખા હેઠળ દિલ્હીમાં આ વાટાઘાટો યોજાઈ હતી. થોડા દિવસ પહેલાં જ વિદેશ મંત્રી એસ જયશંકરની લાઓ પીડીઆરની રાજધાની વિએન્ટિઆનમાં તેમના ચીની સમકક્ષ વાંગ યી સાથે દ્વિપક્ષીય બેઠક યોજી હતી.

વિદેશ મંત્રાલયે બેઠકમાં ચર્ચાને ઊંડાણપૂર્વક, રચનાત્મક અને ભવિષ્યના દ્રષ્ટિકોણ સાથેની બેઠક તરીકે વર્ણવી હતી, બંને પક્ષો સંબંધિત દ્વિપક્ષીય કરારો અને પ્રોટોકોલ અનુસાર જમીન પર સંયુક્ત રીતે શાંતિ અને સુલેહ-શાંતિ જાળવી રાખવાની જરૂરિયાત પર સંમત થયા હતા.

જો કે, મંત્રણામાં કોઈ સફળતાના સ્પષ્ટ સંકેત મળ્યા નથી.

ચીની પ્રતિનિધિમંડળનું નેતૃત્વ ચીનના વિદેશ મંત્રાલયના સીમા અને સમુદ્રી વિભાગના મહાનિદેશક હોંગ લિયાંગે કર્યું હતું.

વિદેશ-મંત્રાલય અનુસાર, લિયાંગે વિદેશ સચિવ વિક્રમ મિસ્ત્રી સાથે પણ મુલાકાત કરી.

મંત્રણાનો અગાઉનો રાઉન્ડ માર્ચમાં બીજિંગમાં યોજાયો હતો.

વિદેશ મંત્રાલયમાં સંયુક્ત સચિવ (પૂર્વ એશિયા), ગૌરંગલાલ દાસે WMCCની 30મી બેઠકમાં ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કર્યું.

# પેજ 3

## ચિરંજીવીએ એરપોર્ટ પર સેલ્ફી લેવા આવેલા એક ચાહકને ધક્કો મારી ભગાવી દીધો, વીડિયો વાયરલ



નવી દિલ્હી, તા. 31 (પીટીઆઈ) તેલુગુ સુપરસ્ટાર ચિરંજીવીની સોશિયલ મીડિયા પર ભારે ટીકા થઈ રહી છે. કારણ કે, એક વીડિયો વાયરલ થયો છે, જેમાં અભિનેતાને એક એરપોર્ટ પર સેલ્ફી લેવા આવેલા એક ચાહકને ધક્કો મારીને ભગાડી દેતાં જોવા મળી રહ્યો છે.માઇક્રોબ્લોગિંગ સાઇટ એક્સ પર ઘણા વપરાશકર્તાઓ દ્વારા શેર કરવામાં આવેલ આ અનડેટેડ વીડિયોમાં અભિનેતા અને તેની પત્ની સુરેખા કોનિડેલાને તેમની સુરક્ષા સાથે લિફ્ટમાંથી બહાર નીકળતા દર્શાવવામાં આવ્યા છે.

## એઆઈ પ્લેટફોર્મ અરિજીતનું નામ, અવાજ અને તસવીરોનો ઉપયોગ કરી શકશે નહીં, ગાયકને મળી રાહત



નવી દિલ્હી, તા. 31: ગાયક દ્વારા દાખલ કરાયેલી એક અરજી પર સુનાવણી કરતાં જસ્ટિસ આર આઇ છાગલાએ 26 જુલાઈના રોજ તેમના વચગાળાના આદેશમાં આઠ ઓનલાઇન પ્લેટફોર્મને અરિજિત સિંહના વ્યક્તિત્વ અધિકારોનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ મૂક્યો છે અને તેમને આવા તમામ કન્ટેન્ટ અને વોઇસ કન્વર્ઝન ટૂલ્સને હટાવવાનો નિર્દેશ આપ્યો હતો.

## નવપરિણીત યુગલ અનંત અંબાણી-રાધિકા મર્ચન્ટ મુકેશ અંબાણી, ઈશા અંબાણી સાથે પેરિસ ઓલિમ્પિકમાં જતાં જોવા મળ્યાં



નવી દિલ્હી, તા. 31: તાજેતરમાં લગ્ન કરનાર અનંત અંબાણી રાધિકા મર્ચન્ટ મુકેશ અને ઈશા અંબાણી અને આનંદ પીરામલ સાથે એક રમતમાં પ્રેક્ષક તરીકે જોવા મળ્યાં હતાં.

જુલાઈમાં તેમના ભવ્ય લગ્ન પછી અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટ પેરિસ ઓલિમ્પિક 2024માં મુકેશ અંબાણી, ઈશા અંબાણી અને આનંદ પીરામલ સાથે જોવાં મળ્યાં હતાં. રિલાયન્સ ફાઉન્ડેશનના ચેરપર્સન નીતા અંબાણી, જેઓ ઇન્ટરનેશનલ ઓલિમ્પિક કમિટી (આઈઓસી)ના સભ્ય છે, તેઓ પણ ચાલી રહેલી રમતો માટે ફ્રાન્સની રાજધાનીમાં હાજર છે.

## ઐશ્વર્યા રાય બચ્ચન ન્યૂયોર્કમાં એકલી રજાઓ માણી રહી છે: યુઝર્સ પૂછી રહ્યા છે કે, અભિષેક બચ્ચન અને પુત્રી આરાધ્યા ક્યાં છે?



નવી દિલ્હી, તા. 31: આ દિવસોમાં ઐશ્વર્યા રાય બચ્ચન હાલમાં તેના પરિવારથી દૂર ન્યૂયોર્કમાં એકલી રજાઓ માણી રહી છે. ન્યૂયોર્કની એક ફેને તેના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ઐશ્વર્યા સાથેની તસવીર પોસ્ટ કરી છે. આ તસવીર સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે. વાયરલ તસવીર જોઈને યૂઝર્સ સવાલ કરી રહ્યા છે કે શું આ વેકેશનમાં તેના પતિ અભિષેક બચ્ચન અને પુત્રી આરાધ્યા તેની સાથે આવ્યાં છે કે નહીં?

ઐશ્વર્યા રાય બચ્ચનની ફેન બીજું કોઈ નહીં પણ અભિનેત્રી અને પોડકાસ્ટર જેરી રેના છે. તેણે ઐશ્વર્યા રાય બચ્ચન સાથેની તેની બે તસવીર ઇન્સ્ટાગ્રામ પર શેર કરી છે. જેમાં તે ઐશ્વર્યા રાય સાથે ખુશીથી પોઝ આપતી જોવા મળે છે.

## શિલ્પા શેટ્ટીના પતિ રાજ કુન્દ્રાએ રૂ. 2.55 કરોડની કાર ખરીદી, પુત્ર સાથે ફરવા નીકળ્યો



નવી દિલ્હી, તા. 31: રાજ કુન્દ્રા પાસે ઘણી લક્ઝરી કાર છે. હવે તેના કાર કલેક્શનમાં વધુ એક ચમકતી કારનો ઉમેરો થયો છે. શિલ્પા શેટ્ટીના પતિ રાજ કુન્દ્રાએ એક ચમકતી કાર ખરીદી છે. લીલા રંગની આ કાર દિલ્હીમાં રજિસ્ટર્ડ છે. રાજ કુન્દ્રા તેમના પુત્ર સાથે નવી કારમાં ફરતા જોવા મળ્યો હતો. આ ભવ્ય લીલા રંગની કાર લોટસ ઈલેક્ટ્રે છે. સામે આવેલી તસવીરોમાં રાજ તેની નવી કારમાં ફરતા જોઈ શકો છો. તે આગળની સીટ પર બેઠો છે. જ્યારે તેનો પુત્ર વિયાન પાછળ બેઠો છે.

## મિલિંદ ગાબાએ ટી-સીરીજની ઓફિસમાં હંગામો મચાવ્યો

નવી દિલ્હી, તા. 31: જાણીતો બોલિવૂડ અને પંજાબી સિંગર મિલિંદ ગાબા વિવાદોમાં ઘેરાયેલો જોવા મળી રહ્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, મિલિંદ ગાબા તાજેતરમાં જ એક મીટિંગમાં હાજરી આપવા ટી-સીરીજની ઓફિસ પહોંચ્યા હતો. ત્યાં હાજર સૂત્રએ જણાવ્યું કે ગાયક મીટિંગ દરમિયાન દારૂ પીવા લાગ્યો હતો. મીટિંગમાં બેઠેલા લોકોએ તેને રોકવાનો પ્રયાસ કર્યો કે તરત જ ગાયક પોતાનો ગુસ્સો ગુમાવી બેઠો અને મારપીટ કરવા લાગ્યો. આ ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે.


JOIN OUR TEAM AND CONTRIBUTE TOWARDS CLEANER ENVIRONMENT.

ENVIRO



100 MLD SEWAGE TREATMENT PLANT AT BENGALURU

With a legacy of 45 years, **Enviro Control Private Limited** has been at the forefront of environmental infrastructure projects in India. We have a proven track record of executing more than 400 turnkey contracts and providing cutting edge technologies for treatment of Drinking Water, Sewage, Industrial effluent, and Wastewater recycle and reuse.

**ENVIRO** invites application from dynamic, experienced and result oriented skilled professionals for ongoing projects of Water and Sewage Treatment Plants at Bengaluru, Pune, Vadodara and Surat.

**Project Engineers & Project Managers**

Diploma / Graduate Engineers in Civil / Mechanical / Electrical / Environment / Instrumentation discipline with 2–10 years of experience in Construction planning, Execution and Management of similar Infrastructure Projects.

**Trainee Engineers**

Diploma / Graduate Engineers in Mechanical / Electrical / Environment / Instrumentation discipline interested to work for Operation & Maintenance of Treatment plants.

**Trainee Chemists**

Graduates / Masters in Chemistry / Microbiology interested to work for Operation & Maintenance of Water and Sewage Treatment Plants.

**Safety Engineers**

Diploma in Industrial Safety with 2 years of experience in Construction Management.

**Executive Assistant / Administrative Assistant**

Graduate in Mass Communication / Business Administration / Commerce / Engineering with 2 years of experience in secretarial position required for Surat Office. The candidates must be proficient in drafting letters with excellent communication in English. Certification in Microsoft office is preferable.

**Interested candidates fulfilling the above criteria may email their application with CV and recent photograph within 10 days on info@envirowater.in. Hardcopies will not be accepted**

**ENVIRO CONTROL PRIVATE LIMITED**
**BENGALURU / SURAT / PUNE**